સંદેશ

Valsad-Navsari 12 July, 2018

## TYBSCના પ્રથમ બેચનું ૮૫ ટકા પરિણામ

# ધરમપુરમાં શિક્ષણની ભૂખ સંતોષતી રાજચંદ્ર વિદ્યાપીઠ

। વલસાડ ।

ધરમપુર-કપરાડા વિસ્તારમાં આજે વિજ્ઞાન પ્રવાહની શાળા છે અને ત્રણ વર્ષ પૂર્વે અહીં ૨૩૮ ગામો વચ્ચે એક માત્ર અદ્યતન સુવિધાઓ સાથે વિજ્ઞાન પ્રવાહની કોલેજ પણ શરૂ થઈ હતી. તેના ટી.વાય.બી.એસસી.ના પ્રથમ જ બેચે ૮૫ ટકા પરિણામ મેળવ્યું છે. અહીં હવે એમ.એસસી.નો અભ્યાસક્રમ પણ શરૂ થઈ રહ્યો છે. આ વિસ્તારમાં આજે સ્નાતક અને અનુસ્નાતક બનવાની તકો ઘરઆંગણે આપશે. શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આ કોલેજ કેમેસ્ટ્રી, માઈક્રોબાયોલોજી, બોટની અને મેથેમેટિક્સમાં બી. એસસી.નો અભ્યાસક્રમ ધરાવે છે. હવે અહીં કેમેસ્ટ્રી તથા માઈક્રોબાયોલોજીમાં એમ. એસસી.નો અભ્યાસક્રમ પણ શરૂ થઈ રહ્યો છે. શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુરના પ્રબુદ્ધ સંસ્થાપક ગુરુદેવ રાકેશભાઈની પ્રેરણા અને માર્ગદર્શનથી કરંજવેરી ગામમાં માન નદીને કિનારે અત્યંત સુંદર નૈસર્ગિક વાતાવરણમાં અદ્યતન સુવિધાયુક્ત આ કોલેજ શરૂ કરવામાં આવી છે. તેનું લોકાર્પણ ગુજરાતના મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીના હસ્તે પૂજ્ય ગુરુદેવની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આમ, શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસનો છે.

## થોડા સમય પહેલાં જ વિદ્યાપીઠ શરૂ થઈ હતી